**ગુજરાત પોલીસ ભરતી બોર્ડ**
**પોલીસ ભરતી બોર્ડની કચેરી,**
**બંગલા નંબર: ગ–૧૨, સરિતા ઉદ્યાનની નજીક,**
**સેકટર–૯, ગાંધીનગર – ૩૮૨૦૦૭**

---

## ગુજરાત રાજ્ય પોલીસ દળ, મોટર ટ્રાન્સપોર્ટ વિભાગના વર્ગ–૩ સંવર્ગના હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ–૧) ની જગ્યાઓમાં સીધી ભરતી માટેની જાહેરાત ક્રમાંક: GPRB/202526/4 અન્વયેની સુચનાઓ

સરકારશ્રીના ગૃહવિભાગ, ગાંધીનગરના તા.૦૭/૦૩/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:મહક/૧૦૨૦૧૯/ ૫૭૦૨૩૫/સ થી ગુજરાત પોલીસ ભરતી બોર્ડની રચના કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય પોલીસ દળ, મોટર ટ્રાન્સપોર્ટ વિભાગના વર્ગ–૩ સંવર્ગના હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ–૧) ની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ફકત ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ સંવર્ગની સબંધિત જગ્યાના ભરતી નિયમોની પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ લાયકાત પરિપૂર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ **તા.૦૯/૦૧/૨૦૨૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૨૯/૦૧/૨૦૨૬ (રાત્રિના ૨૩:૫૯ કલાક સુધી)** દરમિયાન http://ojas.gujarat.gov.in વેબસાઇટ પર જઇ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

ઉમેદવારે ઓનલાઇન અરજી કરતા પહેલા ભરતીને લગતી માહિતી અને સૂચનાઓ ઉકત વેબસાઇટ પરથી સંપૂર્ણપણે કાળજીપૂર્વક વાંચી લેવાની રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન અરજી કન્ફર્મ(CONFIRM) થયા પછી તેની પ્રિન્ટ કાઢી પોતાની પાસે રાખવાની રહેશે અને જ્યારે માંગવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે. ટપાલ, રૂબરૂ, ઈ–મેઈલ કે અન્ય માધ્યમથી મોકલવામાં આવેલ અરજીપત્રકો ધ્યાને લેવામાં આવશે નહીં તેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

ઓનલાઇન મુસદ્દા મુજબ અરજી કરેલ નહીં હોઇ, અરજીમાં દર્શાવેલ વિગતો અધુરી કે અસંગત હશે, સામાન્ય વર્ગના ઉમેદવારે સમય મર્યાદામાં ફી ભરેલ નહીં હોઇ, તો આવા તમામ ઉમેદવારોની અરજીઓ અમાન્ય ઠરશે.

ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે પોતાના તાજેતરના રંગીન પાસપોર્ટ સાઈઝના ફોટાની ઈમેજ ૧૫ KB અને સ્પષ્ટ વંચાય તેવી સહીની ઈમેજ ૧૫ KB સાઈઝથી વધે નહીં તે રીતે JPG ફોર્મેટમાં અપલોડ કરવાના રહેશે.

### 1. સંવર્ગવાર જગ્યાઓની વિગત નીચે મુજબ છે :–

| અ. નં. | સંવર્ગનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ (તમામ) | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ. પછાત વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ. પછાત વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | માજી સૈનિક | * શારીરિક અશકત (દિવ્યાંગ) |
| 1 | હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિક (ગ્રેડ–૧) | ૪૫ | ૨૦ | ૪ | ૧૨ | ૩ | ૬ | ૬ | ૧ | ૩ | ૧ | ૧ | ૪ | ૧ |

* ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની અનામત કેટેગરી વાઇઝ જગ્યાઓ નીચે દર્શાવ્યા મુજબની રહેશે.

| શારીરિક અશકત (દિવ્યાંગ) | B<br>HH (Hard Hearing) (40%-70%) | C<br>AAV (Acid Attack victim) | D & E<br>SLD (Specific learning disability) |
|---|---|---|---|
| ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |

**ખાસ નોંધ :**

A. ઉપર દર્શાવેલ જગ્યાઓમાં વધઘટ થવાની શકયતા રહેલ હોઇ, જગ્યાઓમાં વધઘટ થઇ શકશે

B. ભરતી બોર્ડ / સરકારશ્રી / નામદાર હાઈકોર્ટ / નામદાર સુપ્રીમ કોર્ટ તરફથી વખતો વખત જે નિર્ણય / ચુકાદો આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

C. સીધી ભરતીથી પસંદ થનાર તમામ ઉમેદવારોની નિમણુંક પ્રવર્તમાન નિયમો / પરીક્ષા નિયમો તથા નીતિ વિષયક હુકમો/નિયમોને અનુલક્ષીને કરવામાં આવશે અને તે તમામ જોગવાઇઓ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

D. નિયમો/ઠરાવો/પરિપત્રો સામાન્ય રીતે ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in તથા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગની વેબ સાઇટ http://home.gujarat.gov.in તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબ સાઇટ http://gad.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ હોય છે.

E. તમામ સંવર્ગની જગ્યાઓ માટે વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત, અનામતને લગતા પ્રમાણપત્રો, રમત-ગમતનું પ્રમાણપત્ર, વિધવાનું પ્રમાણપત્ર સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત અને તમામ પ્રકારના પ્રમાણપત્ર અરજી કરવાની છેલ્લી તારીખ ૨૯/૦૧/૨૦૨૬ સુધીમાં ઇશ્યુ થયેલા હોવા જોઇએ.

F. કોઇપણ અનામત જાતિનો લાભ લેનાર ઉમેદવારની પાસે અરજી કરવાની છેલ્લી તારીખ ૨૯/૦૧/૨૦૨૬ સુધીમાં ઇશ્યુ થયેલ હોય તેવા જે તે જાતિના માન્ય પ્રમાણપત્રો હોવા જરૂરી છે. આવુ પ્રમાણપત્ર નહીં ધરાવનાર ઉમેદવારને અનામતના લાભ મળવાપાત્ર રહેશે નહીં.

G. અનામત વર્ગના ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન અનામતના ધોરણો લાગુ પડશે.

2. **વયમર્યાદા :-**

તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ ઉમેદવારની ઉંમર ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ;

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

- **ઉપલી વય મર્યાદા બાબતે સુચનાઓઃ**

| **અ. નં.** | **કેટેગરી** | **છુટછાટ** | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|---|
| ૧ | જનરલ (સામાન્ય) કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| ૨ | અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| ૩ | અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |

| | | | |
|---|---|---|---|
| ૪ | જનરલ (સામાન્ય) કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| ૫ | જનરલ (સામાન્ય) કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫+ ૧૦=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| ૬ | અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને (૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| ૭ | અનામત કેટેગરીના શારીરિક અશક્તતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૫+૫+૧૦=૨૦) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| ૮ | રમતવીરો માટે ઉપર જણાવેલ અ.નં. ૧ થી ૭ મુજબની છુટછાટ ઉપરાંત ઉપલી વય મર્યાદામાં વધારાની છુટ | ૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| ૯ | માજી સૈનિક ઉમેદવારો | ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળા ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટછાટ મળશે. | |

મૂળ ગુજરાતનાં અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક અને શૈક્ષણીક રીતે પછાત વર્ગ, અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

3. **શૈક્ષણિક લાયકાત:–**

Possess a Diploma in Automobiles Engineering or Mechanical Engineering obtained from the Technical Examination Board or any of the Universities established or incorporated by or under the Central or a State Act in India or any other educational institutions recognised as such or declared to be a deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956.

4. **જરૂરી સુચનાઓઃ**

(4.1) **કોમ્પ્યુટર જ્ઞાન :**

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો– ૧૯૬૭ માં દર્શાવ્યા મુજબ ઉમેદવાર કોમ્પ્યુટર એપ્લીકેશનનું બેઝીક નોલેજ ધરાવતો હોવો જોઇએ.

(4.2) તમામ ઉમેદવારો ભરતી નિયમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું જરૂરી જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(4.3) નાગરિકત્વ અને સારા ચારિત્ર્ય અંગેની ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ ની જોગવાઇઓ ઉમેદવારોએ પરિપૂર્ણ કરવાની રહેશે.

(4.4) **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોઃ**

(A) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોએ નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩ / ૨૦૨૩–૨૪ / ૨૦૨૪–૨૫ની આવકના આધારે ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના

તા.૨૭.૦૪.૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ સસપ/૧૧૦૯/૧૬૬૩/અ થી રાજય સરકારની નોકરી માટે નિયત થયેલ પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમૂનામાં નોન–ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧/૦૪/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૯/૦૧/૨૦૨૬ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(B) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૧૮.૦૮.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૭/૧૨૪૩૮૨/અ થી ઠરાવેલ જોગવાઇઓને ધ્યાને લેતાં ઉકત 4.4(A)માં દર્શાવેલ પરિશિષ્ટ–૪ મુજબના પ્રમાણપત્રના વિકલ્પે ઉમેદવારે તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૯/૧૨/૨૦૨૫ દરમિયાનમાં કેન્દ્ર સરકાર હેઠળની નોકરીઓમાં અનામત માટે ભારત સરકારે ઠરાવેલ Annexure-A મુજબના નમૂનામાં મેળવેલું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનુ રહેશે.

(C) ઉકત 4.4(A) અથવા 4.4(B)માં દર્શાવેલ પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો જ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં તેઓની પસંદગી થયેથી તેઓનો સમાવેશ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે કરવામાં આવશે.

(D) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)ના પરિણીત મહિલા ઉમેદવારે આવું નોન–ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા–પિતાની આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેની અરજી “રદ” કરવામાં આવશે.

(E) ઉમેદવારે ઉકત 4.4(A) અથવા 4.4(B) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરીતે વખતે દર્શાવવાના રહેશે. ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે નોન–ક્રિમીલેયર સર્ટિફિકેટની વિગતો જણાવેલ હોય તે જ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. જો આવા પ્રમાણપત્રમાં ભૂલ હોવાના કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનુ નવું પ્રમાણપત્ર મેળવે તો આવું પ્રમાણપત્ર ધ્યાને લેવામાં આવશે નહિ. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ નિયત સમયમર્યાદાનું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

(4.5) **આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોઃ**

(A) આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૧/૨૦૧૯ અને તા.૧૩/૦૯/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ઇ.ડબલ્યુ.એસ./ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઇથી નિયત થયેલ નમૂના Annexure-KH (અંગ્રેજી) અથવા પરિશિષ્ટ–ગ (ગુજરાતી)ના નમૂના મુજબનું તા.૨૯/૦૧/૨૦૨૩ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૯/૦૧/૨૦૨૬ સુધીમાં મેળવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(B) ઉકત 4.5(A) માં દર્શાવેલ પ્રમાણપત્રના વિકલ્પે આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારોએ નાણાંકીય વર્ષ ૨૦૨૪–૨૫ની આવકના આધારે તા.૦૧/૦૪/૨૦૨૫ થી અરજી સ્વીકારવાની છેલ્લી તા.૨૯/૦૧/૨૦૨૬ સુધીમાં ભારત સરકાર હેઠળના EWS અનામતના લાભ માટે Income and Asset Certificate મેળવેલ હોય તે પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(C) ઉકત 4.5(A) અથવા 4.5(B) માં દર્શાવેલ પ્રમાણપત્રો સિવાયના અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહીં. આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ના જે ઉમેદવારો આ બંન્ને

પ્રમાણપત્રો પૈકી કોઇ એક પ્રમાણપત્ર ધરાવતા હશે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટનો લાભ મળશે અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. ગુજરાત સરકારની યોજનાઓના લાભ હેતુના પ્રમાણપત્રને કોઇપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં.

(D) ઉમેદવારે ઉકત 4.5(A) અથવા 4.5(B) મુજબ મેળવેલા અસલ પ્રમાણપત્રનો નંબર અને પ્રમાણપત્ર ઇશ્યૂ તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે અને દર્શાવેલ વિગતો મુજબનું અસલ પ્રમાણપત્ર ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાનું રહેશે. સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજૂ ન કરી શકનાર ઉમેદવારો બિનઅનામત ઉમેદવારો માટે નકકી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

(4.6) દિવ્યાંગ ઉમેદવારો માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2 માં નિયત થયા મુજબ The Rights of Persons with Disabilities Act, 2016 અમલી થતા બદલાતા સંજોગોમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ના બદલે દિવ્યાંગતાના પ્રમાણપત્ર સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ગુજરાત સરકાર/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નિયત કરવામાં આવતી સૂચના અનુસાર દિવ્યાંગતા અંગેનું પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે.

(4.7) **શારીરિક ધોરણો (લઘુતમ):**

**(A) પુરૂષ ઉમેદવારો માટે :**

| વર્ગ | ઉંચાઇ (સે.મી.) | છાતી (સે.મી.) | |
|---|---|---|---|
| | | ફુલાવ્યા વગરની | ફુલાવેલી* |
| મૂળ ગુજરાતના અનુસુચિત જન જાતિના ઉમેદવારો માટે | ૧૬૨ | ૭૯ | ૮૪ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૬૫ | ૭૯ | ૮૪ |

* છાતીનો ફુલાવો ઓછામાં ઓછો ૫ સે.મી. થવો અનિવાર્ય છે.

**(B) મહિલા ઉમેદવારો માટે :**

| વર્ગ | ઉંચાઇ (સે.મી. માં) |
|---|---|
| મૂળ ગુજરાતના અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે | ૧૫૦ |
| અનુસુચિત જન જાતિના ઉમેદવારો સિવાયના તમામ માટે | ૧૫૫ |

(4.8) ભરતી નિયમો (વખતો વખતના સુધારા સાથે) ના Appendix 'A' મુજબ જરૂરી શારીરિક યોગ્યતાની વિગત નીચે મુજબ છે.

(A) candidate who have got any one or more of the following physical defects shall be considered physically unfit:-

Knock Knee, Pigeon Chest, Squint Eye, Flat Feet, Varicose Veins, Hammer Toes, Fractured Limb, Decayed Teeth, Communicable /Skin Disease.

ઉમેદવાર નીચે જણાવ્યા પૈકીની એક કે વધારે શારીરિક ખામી ધરાવતો હશે તો તેને શારીરિક રીતે અયોગ્ય ગણવામાં આવશે.

(1) વાંકા ઢીંચણવાળા (Knock Knee)
(2) કુલેલી છાતી (Pigeon Chest)
(3) ત્રાંસી આંખ (Squint Eye)
(4) સપાટ પગ (Flat Feet)
(5) કાયમની અતિશય કુલેલી નસ (Varicose Veins)
(6) કુલેલો અંગુઠો (Hammer Toes)
(7) અસ્થિભંગ અંગ (Fractured Limb)
(8) સડેલા દાંત (Decayed Teeth)
(9) ચેપી ચામડીના રોગ (Communicable Skin Disease)

(B) SHAPEI Means -

| | |
|---|---|
| S | Psychological |
| H | Hearing |
| A | Appendage |
| P | Physical capacity for normal work |
| E | Eye sight |
| I | means fit in all respects to perform normal professional functions under each of the above mentioned heads. |

SHAPE-I એટલે કે, ઉમેદવાર માનસિક, શ્રવણશકિત, અપેન્ડેજ (Appendage), સામાન્ય કામ માટે ભૌતિક ક્ષમતા, દ્રષ્ટિ વિગેરેમાં સામાન્ય વ્યવસાયિક કાર્યો કરવા અંગે સંપૂર્ણ રીતે સક્ષમ હોવા જોઇશે.

(C) The candidate shall not be colour blind and have clear vision with or without glasses.

(D) The candidate shall be free from surgical deformities like knock-knees, flat-foot and should not have a past history of fits or psychiatric ailments, varicose vein, ect.

નોંધઃ ગુજરાતીમાં અનુવાદ ઉમેદવારોના માર્ગદર્શન માટે છે. કોઇ વિવાદના કિસ્સામાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ ભરતી નિયમો આખરી ગણાશે.

(4.9) ભરતી નિયમોમાં જણાવેલ માપદંડ મુજબ ઉમેદવારે નિમણુંક પૂર્વે જરૂરી તબીબી પરિક્ષણમાં પાસ થવાનું રહેશે.

(4.10) નિમણુંક પામનાર ઉમેદવારોએ અમલમાં હોય તેવા સરકારના નિયમો/હુકમો મુજબ હિન્દી/ગુજરાતી/અંગ્રેજી ભાષાની પરીક્ષા તેમજ અન્ય ખાતાકીય તાલીમ/ પૂર્વસેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા આપવાની અને પાસ કરવાની રહેશે.

(4.11) નિમણુંક પામનાર તમામ ઉમેદવારોને પ્રવર્તમાન નવ વર્ધિત પેન્શન યોજના લાગુ પડશે.

(4.12) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ વિગતો કોઇપણ તબક્કે ખોટી માલુમ પડશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેમજ તેમની ઉમેદવારી પણ રદ કરવામાં આવશે.

(4.13) જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે જાહેરાતમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ભરતી બોર્ડ/સરકારશ્રીનો સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. ભરતી બોર્ડ/સરકારશ્રી આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(4.14) ઓનલાઇન એપ્લીકેશન સ્વીકારવાની મુદ્ધત પૂર્ણ થયા બાદ આગામી ભરતી પ્રક્રિયા જેવી કે, લેખિત પરીક્ષાની માહિતી, દસ્તાવેજ ચકાસણીની માહિતી તથા અન્ય જરૂરી માહિતી વખતો વખત ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in અથવા https://ojas.gujarat.gov.in વેબ સાઇટ ઉપર મૂકવામાં આવશે. જેથી તે અંગે માહિતગાર રહેવાનું રહેશે.

(4.15) મહિલાઓની અનામત જગ્યાઓ માટે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨, તારીખ ૧૧/૧૧/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨(ભાગ-૧), તા.૦૨/૦૯/૨૦૨૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ ની જોગવાઇઓ લાગુ પડશે.

(4.16) માજી સૈનિક માટે THE GUJARAT CIVIL SERVICES (RESERVATION OF VACANCIES FOR EX-SERVICEMEN IN CLASS III AND CLASS IV POST AND SERVICE RULES,1975 તથા વખતો-વખતના સુધારામાં કરેલ જોગવાઇ મુજબ માજી સૈનિક માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારા ધારાધોરણ મુજબ એકસ સર્વિસમેનની પરિભાષામાં આવતું હોય તેમજ ગુજરાત રાજ્યની સબંધિત જીલ્લા સૈનિક કલ્યાણ કચેરીઓ તરફથી એકસ સર્વિસમેનના ઓળખપત્ર ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૯/૦૧/૨૦૨૬ સુધીમાં ઇસ્યુ થયા હોય અથવા અરજી કરવાની છેલ્લી તારીખ ૨૯/૦૧/૨૦૨૬ થી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત થનાર હોય (સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંકઃGAD/ERE/e-file/1/2023/5258/G.2 ને આધિન) તેઓને જ માજી સૈનિક તરીકે ગણવામાં આવશે.

(4.17) શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જાતિ (General, EWS, SEBC, SC, ST) માજી સૈનિક, SEBC માટે નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ, EWS માટે પાત્રતા પ્રમાણપત્ર, રમત-ગમત, વિધવા વિગેરે અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ ભરતી બોર્ડ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (પ્રમાણિત ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે.

(4.18) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો પાછળથી બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતો અને ઉમેદવારની ખરેખર કેટેગરી (જાતિ), જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત કે અન્ય બીજી કોઇ વિગતોમાં તફાવત પડશે તો તે અંગે બોર્ડનો નિર્ણય આખરી રહેશે.

(4.19) ઉમેદવાર ઓનલાઇન અરજીપત્રક ભરતી વખતે જે મોબાઇલ નંબર દર્શાવે તે જ નંબર ચાલુ રાખવો. ભવિષ્યમાં ભરતી બોર્ડ તરફથી આ ભરતી પ્રક્રિયાને સબંધિત સૂચનાઓ ઉમેદવારને આ મોબાઇલ નંબર પર SMS થી મોકલવામાં આવશે. તેથી મોબાઇલ નંબર નહીં બદલવા સુચન છે. ઉમેદવાર ઓનલાઇન અરજીપત્રક ભરતી વખતે પોતાનું જ ઇમેઇલ આઇડી દર્શાવે તે હિતાવહ છે. અન્ય ત્રાહિત વ્યક્તિઓના ઇમેઇલ આઇડી ન દર્શાવવા સલાહ છે.

(4.20) ભરતી પ્રક્રિયા માટે પરવાનગી આપતા પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થશે તે ઉપરાંત –

(a) ભરતી બોર્ડ, તે ઉમેદવારને ગેરલાયક ઠરાવી શકશે, અથવા

(b) રાજ્ય સરકાર, પોતાના હેઠળની કોઇપણ નોકરી માંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદ્દત માટે ગેરલાયક/ બાકાત કરી શકશે.

(4.21) ગેરરીતિ સબબ તમામ સરકારી ભરતી માટે ગેરલાયક ઠરેલ ઉમેદવારો અથવા પોલીસ ભરતી બોર્ડની ભરતી માટે ગેરરીતિ સબબ ગેરલાયક ઠરેલ ઉમેદવારો આ ભરતી માટે લાયક ગણાશે નહિં. ભરતીના કોઇપણ તબક્કે આ બાબત ધ્યાને આવતાં ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે અને જો પસંદગી થયેલ હશે તો પણ તે રદ કરવાને પાત્ર રહેશે.

અન્ય કોઇ એક જ ભરતી બોર્ડની ભરતી માટે ગેરરીતિ સબબ ગેરલાયક ઠરેલ ઉમેદવારો જો પોલીસ ભરતી માટે ગેરલાયક ઠરેલ ન હોય તો આ ભરતીમાં અરજી કરી શકશે.

(4.22) જાહેરાત/સુચનાઓમાં જે ઠરાવો/નિયમો/પરિપત્રોનો ઉલ્લેખ કરેલ છે તેમાં વખતો–વખતના સુધારા પણ ધ્યાને લેવાના રહેશે. આ જાહેરાત સબંધે કોઇ વાદવિવાદ કે અર્થઘટન સબંધે કોઇ વિવાદ ઉપસ્થિત થશે, તે સંજોગોમાં સરકારશ્રી દ્વારા ભરતી બાબતમાં જાહેર કરેલ ભરતી નિયમો/પરિપત્રો/ઠરાવોની મૂળ જોગવાઇઓ અંતિમ રહેશે. તેમ છતાં જો આ બાબતે અર્થઘટન અંગેનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ગૃહવિભાગ, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે. આ ભરતી નિયમો/પરિપત્રો/ઠરાવો ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in તથા સરકારશ્રીના ગૃહ વિભાગની વેબસાઇટ http://home.gujarat.gov.in તેમજ સામાન્ય વહીવટ વિભાગની વેબસાઇટ http://gad.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.

(4.23) અરજી પત્રક ભરવા માટેની સુચનાઓ :

(4.23.1) તમામ જગ્યાઓ માટે ફકત ઓનલાઇન અરજી કરવાની રહેશે. આ ઓનલાઇન અરજી https://ojas.gujarat.gov.in વેબસાઇટ ઉપરથી કરી શકાશે.

(4.23.2) નિયત લાયકાતો ધરાવતા ઉમેદવારે એક જ અરજી કરવાની રહેશે.

(4.23.3) અરજદારે અરજી કરતી વખતે પોતાની સાથે રંગીન પાસપોર્ટ સાઇઝનો ફોટો, સ્કેન કરવા માટે પોતાની સહી, જરૂરી પ્રમાણપત્રો અને પૂરાવા રાખવા. જેથી તેના આધારે જ સાચી માહિતી અરજીમાં ભરી શકાય.

(4.23.4) અરજદારે અરજી ફરજીયાત કન્ફર્મ(CONFIRM) કરવાની રહેશે અને કન્ફર્મ(CONFIRM) થયેલ અરજીની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

(4.23.5) અરજી કન્ફર્મ(CONFIRM) થઈ ગયા બાદ ફકરા નંબર 4.24.1 અને 4.24.2 માં આપેલ સુચના અનુસાર પરીક્ષા ફી ભરવાની રહેશે.

આ જાહેરાતના સંદર્ભમાં બોર્ડ દ્વારા ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારો તા.૦૯/૦૧/૨૦૨૬ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૨૯/૦૧/૨૦૨૬ (સમય ૨૩:૫૯ કલાક સુધી) દરમિયાન "https://ojas.gujarat.gov.in" વેબસાઈટ પર ઓન–લાઈન અરજીપત્રક ભરી શકશે.

(4.23.6) Online Application Form ડાઉનલોડ કરીને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખે તે ઉમેદવારના હિતમાં છે. અરજી કરવાની અંતિમ તારીખ બાદ ઉમેદવાર Application Form ડાઉનલોડ કરી શકશે નહીં.

(4.23.7) ઉમેદવારે એક જ અરજી કરવી. આમ છતાં, સંજોગવશાત, જો કોઈ ઉમેદવારે એકથી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ(CONFIRM) થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ(CONFIRM) થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે માન્ય ગણાશે અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. અગાઉની અરજી સાથે ભરેલી ફી છેલ્લી કન્ફર્મ(CONFIRM) થયેલ અરજી સામે ગણવામાં આવશે નહીં. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ(CONFIRM) થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહીં હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ(CONFIRM) થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે, તો તે રીફંડ કરવામાં આવશે નહીં.

**(4.24) <u>પરીક્ષા ફી :</u>**

(4.24.1) જનરલ (General) કેટેગરીના ઉમેદવારોએ રૂ. ૧૦૦ ફી ઉપરાંત લાગુ પડતા બેંકના સર્વિસ ચાર્જીસ ભરવાના રહેશે. (EWS, Scheduled Castes, Scheduled Tribes, Socially and Educationally Backward Classes, દિવ્યાંગ તથા માજી સૈનિક ઉમેદવારોએ ફી ભરવાની નથી.)

(4.24.2) બેંકના સર્વિસ ચાર્જીસ (જેમાં વખતો વખત નિયમોનુસાર વધારો/ઘટાડો થઈ શકે છે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

| Channels | Card Rate (Excl GST) |
|---|---|
| RuPay Card | NIL |
| UPI | NIL |
| Credit Card<br>(VISA / Master / RuPay Amex) | 2% of the Transaction Amount + Tax |
| INB-SBI | Rs.25/- per txn. Amt. + GST |
| INB (HDFC, ICICI, AXIS, KOTAK) | Rs.40/- per txn. Amt. + GST |
| INB-Other Banks | Rs.30/- per txn. Amt. + GST |
| NEFT | Rs.30/- per txn. (Inclusive of GST) |

**નોંધઃ ફી ફકત ઓનલાઇન જ ભરવાની રહેશે. પોસ્ટ ઓફીસ કે બેન્કમાં ચલણ કે રોકડેથી પરીક્ષા ફી ભરી શકાશે નહીં.**

(4.24.3) જે ઉમેદવારોને ફી ભરવાની થાય છે તેવા ઉમેદવારોએ ઉપર દર્શાવ્યા મુજબ ફી ભરવાની થાય છે. ઉમેદવાર જયારે પોતાની અરજી કન્ફર્મ(CONFIRM) કર્યા બાદ ઓનલાઇન પરીક્ષા ફી ભરવા માટે Online Application ટેબમાં Print Application Form / Pay Fees પર Click કરવાથી Online Payment માટેના Options દેખાશે. જેમાં Online Payment of Fees પર Click કરવુ. જેમાં ઉપરોકત મુદ્દા નં. 4.24.2 માં દર્શાવેલ માધ્યમો પૈકી કોઇપણ એક માધ્યમથી પરીક્ષા ફી ભરવાની રહેશે. આ માધ્યમ પૈકીના કોઇપણ એક માધ્યમ દ્વારા ફી ભર્યા બાદ રીસીપ્ટ જનરેટ થશે, જેની પ્રિન્ટ અવશ્ય મેળવી લેવાની રહેશે.

(4.24.4) ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા.૦૧/૦૨/૨૦૨૬ (કલાકઃ૨૩:૫૯ સુધી) છે.

(4.24.5) ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તા. ૦૧/૦૨/૨૦૨૬ બાદ કોઇ પણ સંજોગોમાં અન્ય કોઇપણ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.

(4.24.6) ઓનલાઇન ફી ભરેલ પહોંચની નકલ ઉમેદવારે ભરતી બોર્ડ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે અચૂક રજુ કરવાની રહેશે.

(4.24.7) ફી ભર્યા બાદ કોઇપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી. એક કરતા વધુ વખત ફી ભરેલ હશે તો તે પણ પરત મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

(4.24.8) ઓનલાઇન પરીક્ષા ફી ભર્યા બાદ જો આપના મોબાઇલ ઉપર ફી ભર્યા અંગેનો કોઇ મેસેજ ન આવે તો ઉમેદવારે જે માધ્યમથી ઓનલાઇન ફી ભરેલ હોય તે બેંક/બ્રાન્ચનો સંપર્ક કરી, જે બેન્ક ખાતામાંથી ફી ભરેલ હોય તે ખાતાના એકાઉન્ટ સ્ટેટમેન્ટની ચકાસણી કરી, ફી ભર્યાની ખાતરી કરી લેવાની રહેશે.

(4.25) ઓનલાઇન અરજી કર્યા બાદ, લેખિત પરીક્ષા તેમજ દસ્તાવેજ ચકાસણી માટેની તારીખો ભરતી બોર્ડની વેબસાઇટ https://gprb.gujarat.gov.in અથવા https://ojas.gujarat.gov.in વેબસાઇટ મારફતે તમામ ઉમેદવારોને જાણ કરવામાં આવશે. તે મુજબ https://ojas.gujarat.gov.in વેબસાઇટ પરથી કોલ લેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી લેવાના રહેશે. આમાં ચૂક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે. ઉપરાંત ભરતી બોર્ડ દ્વારા વખતો વખત આ જાહેરાત અનુસંધાને બહાર પાડવામાં આવેલ ભરતીને લગતી સૂચનાઓ સમજી, તેનો અમલ કરવાની જવાબદારી ઉમેદવારની રહેશે. તેમાં ચૂક થશે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે.

(4.26) હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક (ગ્રેડ-૧), વર્ગ-૩ સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારોનો પ્રવર્તમાન હુકમો મુજબ કરારનો સમયગાળો પાંચ વર્ષનો રહેશે આ સમય દરમિયાન માસિક રૂા. ૨૬,૦૦૦/- ના એકત્રિત વેતન તેમજ સરકારશ્રી જો કોઇ બીજા ભથ્થા નક્કી કરે તો તે મુજબના વેતનથી ફિકસ્ડ પગાર જ મળવાપાત્ર થશે અને કરારના સમયગાળા દરમિયાન સંતોષકારક રીતે તાલીમ અને નોકરી પૂર્ણ કરશે તો જે-તે સંવર્ગના પગાર ધોરણમાં નિયમિત નિમણુંક આપવામાં આવશે.

(4.27) **ભરતી નિયમમાં દર્શાવ્યા મુજબ હેડ કોન્સ્ટેબલ ડ્રાઇવર મિકેનિક (ગ્રેડ-૧), વર્ગ-૩ની જગ્યા માટે અરજી કરનાર ઉમેદવાર નિમણૂંકના સમયે** Heavy Goods or Heavy Passenger Vehicle**નું માન્ય લાયસન્સ ધરાવતા હોવા જોઇએ.**

5. **પરીક્ષા પદ્ધતિ:–**

તાંત્રિક / બિન તાંત્રિક વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા પદ્ધતિના નિયમો નક્કી થયા નથી તેવા સંવર્ગોની પરીક્ષા સામાન્ય વહીવટ વિભાગના (૧) તા.૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક તથા (૨) તા.૧૬/૧૨/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક અનુસાર એક તબક્કામાં MCQ પદ્ધતિની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે.

પરીક્ષા: Part-A અને Part-B એમ બે ભાગમાં લેવામાં આવશે (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

**Part-A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતિક કસોટીઓ | ૩૦ |
| ૩ | ભારતનું બંધારણ, વર્તમાન પ્રવાહો, ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રિહેન્શન | ૩૦ |
| | કુલ ગુણ | ૯૦ |

**Part-B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | સંબંધિત વિષય અને તેની ઉપયોગિતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |

નોંધ : અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલી શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(1) Part-A માં કુલ ૯૦ પ્રશ્નો અને Part-B માં કુલ ૧૨૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. Part-A અને Part-B બંને માટે સંયુક્ત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(2) Part-A તથા Part-B નું સ્વતંત્ર (અલાયદુ) Qualifying Standard રહેશે તથા બન્ને પાર્ટમાં આ ધોરણ મેળવતા ઉમેદવારોની Part-A અને Part-B માં મેળવેલા કુલ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે.

(3) PART-A માં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ અને PART-B માં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ અલગ–અલગ મેળવવાના રહેશે.

(4) OMR Sheet માં પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે. ઉમેદવારે તમામ પ્રશ્નનો પ્રયાસ કરવાનો રહેશે, જો ઉમેદવાર કોઇપણ પ્રશ્નનો જવાબ A, B, C અને D વિકલ્પમાંથી આપવા માંગતા ન હોય તો તેઓએ OMR SHEET માં વિકલ્પ-E (Not attempted) આપેલ છે તે પસંદ કરવાનું રહેશે. જો કોઇપણ વિકલ્પ પસંદ કરેલ નહીં હોય તો ૦.૨૫ ગુણ નેગેટીવ ગણવામાં આવશે. જો વિકલ્પ-E પસંદ કરેલ હશે તો કોઇ ગુણ કાપવામાં આવશે નહીં.

6. **વિશેષ ગુણ ભારાંક :**

(A) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૦૭૩–૨૬૬૦–ગ–૨, તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૧૮૮–૩૬૪૪–ગ–૨, તા.૧૮/૦૪/૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર /૧૦૯૯/યુ.ઓ.–૪૧૧૦/ગ.૨, તા.૧૧/૧૦/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર–૧૦૨૦૦૫–યુઓ–૧૨૭૭–ગ.૨ તથા તા.૨૧/૦૨/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર /૧૦૨૦૧૩/૨૪૨૭૯૨/ગ–૨

માં નિયત કરેલ શરતો પરિપૂર્ણ કરનાર અને એથ્લેટીક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહીત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનીસ, વોલીબોલ, ટેનીસ, વેઇટ લિફ્ટીંગ, રેસલીંગ, બોકસીંગ, સાઇકલીંગ, જીમ્નેસ્ટીક, જુડો, રાઇફલ શુટીંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકા સ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકુદમાં રાષ્ટ્રીય/આંતર રાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે લેખિત પરીક્ષાના PART-A અને PART-B માં મેળવેલ કુલ ગુણના ૫% ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના ઉપરોકત તા.૨૫/૦૨/૧૯૮૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૦૭૩-૨૬૬૦-ગ-૨ તથા તા.૦૧/૦૮/૧૯૯૦ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧૮૮-૩૬૪૪- ગ-૨ માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર ભરતી બોર્ડ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમત-ગમતના વિશેષ ગુણ માટે હકદાર થશે. ઉમેદવાર જો ભરતી બોર્ડ માંગે ત્યારે આવું પ્રમાણપત્ર રજૂ નહીં કરી શકે તો આવા ઉમેદવારને રમતવીર તરીકેના લાભ મળવાપાત્ર થશે નહીં.

(B) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/૨૨૧૩/ગ.૨ અને તા.૩૧/૦૮/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર /૧૦૯૬/૨૨૧૩/ગ-૨ માં ઠરાવ્યા મુજબ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે લેખિત પરીક્ષાના PART-A અને PART-B માં મેળવેલ કુલ ગુણના ૫% ગુણ આપવામાં આવશે. પરંતુ આ માટે તેઓએ નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોવા જોઇએ. તે અંગે ભરતી બોર્ડ/સરકારશ્રી માંગે ત્યારે અને તેવા તમામ પુરાવા/પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાના રહેશે.

## 7. દસ્તાવેજ ચકાસણી અને શારીરિક માપ કસોટી :-

દસ્તાવેજ ચકાસણી તેમજ શારીરિક માપ કસોટી (Physical Standard Test) માટે ઉમેદવારોનું મેરીટ નીચે મુજબના ગુણને ધ્યાને લઇ નક્કી કરવામાં આવશે.

(7.1) લેખિત પરીક્ષાના PART-A અને PART-B માં મેળવેલ કુલ ગુણ

(7.2) માન્ય રમતગમતના પ્રમાણપત્ર આધારે મળવાપાત્ર વિશેષ ગુણ

(7.3) વિધવા મહિલાને મળવાપાત્ર વિશેષ ગુણ

ઉપરોકત જણાવેલ મળવાપાત્ર ગુણનો સરવાળો કરી મેરીટના આધારે ખાલી જગ્યાના આશરે ૨ (બે) ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી તેમજ શારીરિક માપ કસોટી (Physical Standard Test) માટે બોલાવવામાં આવશે. શારીરિક માપ કસોટી (Physical Standard Test)નું ધોરણ (4.7) માં દર્શાવ્યા મુજબ રહેશે અને તેમાં ઉતિર્ણ (Qualify) થનાર ઉમેદવારોની મેરીટ મુજબ અંતિમ પસંદગી યાદી બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવશે.

## 8. <u>પસંદગી યાદી :</u>

દસ્તાવેજ ચકાસણી તેમજ તેમજ શારીરિક માપદંડ કસોટીમાં ઉતિર્ણ થયેલ ઉમેદવારોને લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણ, રમતવીર તથા વિધવાને મળવાપાત્ર વધારાના ગુણને લક્ષમાં લઇને આખરી પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.

પસંદગી યાદી તૈયાર કરતી સમયે બે કે તેથી વધારે ઉમેદવારોના સમાન ગુણ હશે ત્યારે

(8.1) તેવા કિસ્સામાં ઉમેદવારોની જન્મ તારીખ ધ્યાને લેવામાં આવશે. જન્મ તારીખ પ્રમાણે વધુ ઉંમરવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(8.2) જો ગુણ અને જન્મ તારીખ બંન્ને સમાન હોય ત્યારે ઉમેદવારોની ઉંચાઇ ધ્યાને લેવામાં આવશે, જે ઉમેદવારની ઉંચાઇ વધુ હશે તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે

(8.3) જો ગુણ, જન્મ તારીખ અને ઉંચાઇ સમાન હોય ત્યારે, હાયર સેકન્ડરી પરીક્ષા અથવા ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય ધોરણ–૧૨ સમકક્ષ પરીક્ષામાં મેળવેલ ગુણને ધ્યાને લઇ, વધુ મેળવેલ ગુણવાળા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(8.4) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૦૭/૨૦૧૮ તથા તા.૧૦/૧૨/૨૦૧૮ ના સરખા ઠરાવ ક્રમાંકઃ પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ.૨ માં જણાવ્યા પ્રમાણે પ્રતિક્ષાયાદી રાખવામાં આવશે.

(8.5) નિમણુંક પામનાર ઉમેદવારને ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો–૧૯૬૭ ના નિયમ–૯એ ની જોગવાઇઓ લાગુ પડશે.

9. આ જાહેરાતમાં દર્શાવેલ સંવર્ગોની ભરતી માટે સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ભરતી નિયમો / પરીક્ષા નિયમો / ઠરાવો / પરિપત્રો / સૂચનાઓ આધારે આ જાહેરાત તૈયાર કરવામાં આવેલ છે. આ જાહેરાતના અર્થઘટન બાબતે કોઇ વિવાદ કે મતભેદના કિસ્સામાં સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવેલ નિયમો / ઠરાવો / પરિપત્રો / સૂચનાઓ આખરી ગણાશે.

10. વધુ પૃચ્છા માટે તા.૦૯/૦૧/૨૦૨૬ થી તા.૨૯/૦૧/૨૦૨૬ દરમિયાન ટોલ ફ્રી નંબરઃ 1800 233 5500 ઉપર સવારના કલાક:૧૦:૩૦ થી સાંજના કલાક ૧૮:૦૦ સુધી (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) પુછપરછ કરી શકાશે.

Sd/-

સ્થળ : ગાંધીનગર

તારીખ :૦૯/૦૧/૨૦૨૬

(નિરજા ગોટરૂ, IPS)
પોલીસ મહાનિદેશક અને અધ્યક્ષ,
ગુજરાત પોલીસ ભરતી બોર્ડ
ગાંધીનગર.